**Extra No. 223**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVI ]  MONDAY, JUNE 23, 2025 / ASHADHA 2, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **માર્ગ અને મકાન વિભાગ**-ના તારીખઃ **૭મી મે, ૨૦૨૫**-ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ **જીજે/૦૭/૨૦૨૫/આરબીડી/ડબલ્યુઆરટી/ઈ-ફાઈલ/૧૬/૨૦૨૫/૧૨૨૯/સેકશન જિ.** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**આર. આર. સોલંકી,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Regarding***

**The Assistant Manager, Class III, Recruitment Rules, 2025**

**મદદનીશ વ્યવસ્થાપક (આસિસ્ટન્ટ મેનેજર), વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૨૫ સંબંધી**

**જાહેરનામું**

**માર્ગ અને મકાન વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૭મી મે, ૨૦૨૫

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંકઃ જીજે/૦૭/૨૦૨૫/આરબીડી/ડબલ્યુઆરટી/ઈ-ફાઈલ/૧૬/૨૦૨૫/૧૨૨૯/સેકશન જીઃ-** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય હેઠળની તાબાની સેવામાં, મદદનીશ વ્યવસ્થાપક (આસિસ્ટન્ટ મેનેજર), વર્ગ-૩-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. (૧) આ નિયમો મદદનીશ વ્યવસ્થાપક (આસિસ્ટન્ટ મેનેજર), વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય હેઠળની તાબાની સેવામાં, મદદનીશ વ્યવસ્થાપક (આસિસ્ટન્ટ મેનેજર), વર્ગ-૩ ની જગા પરની નિમણૂક સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ-૨ માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૭ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિઃ

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશેઃ

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ હોટેલ મેનેજમેન્ટમાં ડિપ્લોમા/હોટેલ મેનેજમેન્ટ અને કેટરિંગ ટેક્નોલોજી-માં ડિપ્લોમા/ હોટેલ મેનેજમેન્ટમાં પદવી/ હોટેલ મેનેજમેન્ટ અને કેટરિંગ ટેક્નોલોજીમાં પદવી/ હોસ્પિટેલિટી અને હોટેલ એડમિનિસ્ટ્રેશનમાં સ્નાતકની પદવી / બેચલર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (હોટેલ અને ટૂરિઝમ) / બેચલર ઓફ આર્ટ્સ (ઈન્ટરનેશનલ હોસ્પિટેલિટી એડમિનિસ્ટ્રેશન)/ બેચલર ઓફ સાયન્સ (કેટરિંગ સાયન્સ અને હોટેલ મેનેજમેન્ટ) / માસ્ટર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (ટૂરિઝમ અને હોટેલ મેનેજમેન્ટ)/ (ટૂરિઝમ અને હોટેલ મેનેજમેન્ટમાં) અનુસ્નાતક ડિપ્લોમા ધરાવતો હોવો જોઈશે અથવા સરકારે માન્ય કરેલ તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંનેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ક-ની જોગવાઈઓ લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી જોઈશે અને તેવી પરીક્ષા પાસ જોઈશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવા જોઈશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**હિતેષ કે ગોહિલ,**

સરકારના નાયબ સચિવ.

----------

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.07.10 22:09:44 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar